# રાજકોટ મહાનગરપાલિકા

આવાસ યોજના વિભાગ, ડો. આંબેડકર ભવન, બીજો માળ, રૂમ નં. ૨,

ઢેબરભાઇ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧ ફોન નં. ૦૨૮૧ – ૨૨૨૧૬૧૫


**-: અખબારી યાદી:-**

## આવાસના હપ્તા પેટે તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૧૩/૦૭/૨૦૨૨ સુધીમાં રૂ.૪૬,૨૨,૫૬,૨૪૬/-ની આવક

તારીખ: ૧૪-૦૭-૨૦૨૨

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અલગ અલગ યોજનાઓ અંતર્ગત આજ દિન સુધીમાં ૩૧,૦૦૦ થી વધારે આવાસ બનાવીને લાભાર્થીઓને ફાળવવામાં આવેલ છે. જેમાં પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્માર્ટ ઘર, મુખ્યમંત્રી આવાસ યોજના, BSUP – 1,2,3, રાજીવ આવાસ યોજના, ગુરુજીનગર, ધરમનગર, ૩૦૧૨, હુડકો, વામ્બે અને સફાઈ કામદાર આવાસ યોજનાઓનો સમાવેશ થાય છે. આવાસ યોજના વિભાગ દ્વારા તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૧૩/૦૭/૨૦૨૨ સુધીમાં રૂ.૪૬,૨૨,૫૬,૨૪૬/- ( છેતાલીસ કરોડ બાવીસ લાખ છપ્પન હજાર બસો છેતાલીસ પુરા)ની આવક આવાસના હપ્તા પેટે કરવામાં આવેલ. જ્યારે તા .૦૧/૦૭/૨૦૨૨ થી તા.૧૩/૦૭/૨૦૨૨ સુધીમાં રૂ.૮,૩૪,૨૨,૬૮૯/- ( આઠ કરોડ ચોત્રીસ લાખ બાવીસ હજાર છસો નેવ્યાશી પુરા)ની આવક આવાસના હપ્તા પેટે કરવામાં આવેલ.

તા.૧૩/૦૭/૨૦૨૨ના રોજ એક જ દિવસમાં ૧,૦૭,૧૨,૧૯૮/- (એક કરોડ સાત લાખ બાર હજાર એકસો અઠ્ઠાણું પુરા)ની આવક આવાસના હપ્તા પેટે કરવામાં આવેલ છે. આ અગાઉ તા.૦૮/૦૭/૨૦૨૨ના રોજ એક જ દિવસમાં ૧,૧૬,૩૩,૭૪૭/- (એક કરોડ સોળ લાખ તેત્રીસ હજાર સાતસો સુડતાલીસ પુરા)ની તેમજ તા.૦૬/૦૭/૨૦૨૨ના રોજ એક જ દિવસમાં ૧,૨૬,૭૬,૯૮૫/- (એક કરોડ છવ્વીસ લાખ છોતેર હજાર નવસો પંચ્ચાસી પુરા)ની આવક થયેલ હતી.

આસી. મેનેજર
આવાસ યોજના વિભાગ
રાજકોટ મહાનગરપાલિકા